# મનપાના સુપરવાઈઝરે નોકરીની લાલચ આપી બળાત્કાર ગુજાર્યો

**હોસ્પિટલમાં** કૃત્રિમ ગર્ભધારણ કરાવડાવી વધુ પૈસા પડાવ્યા ને દુષ્કર્મ આચરી ગાયબ, પોલીસે ધરપકડ કરી

સુરતઃ કતારગામ વિસ્તારમાં રહેતી અને હીરા મજૂરી કરી ગુજરાન ચલાવતી એક ૩૫ વર્ષીય મહિલાને મહાનગરપાલિકામાં કાયમી નોકરી અપાવવાના બહાને સુપરવાઈઝરે પ્રેમજાળમાં ફસાવી, શારીરિક શોષણ કરી લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

કતારગામ વિસ્તારમાં રહેતી 'મનીષા' (નામ બદલ્યું છે) હાલ હીરા કારખાનામાં મજૂરી કરી પરિવારનું જીવન ગુજરાન કરે છે. મનીષાના પહેલા લગ્ન થયા હતા, પરંતુ બે વર્ષમાં જ છૂટાછેડા થઈ ગયા હતા. વર્ષ ૨૦૨૩માં મનીષા સુરત મહાનગરપાલિકામાં કોન્ટ્રાક્ટ આધારિત સફાઈ કામદાર તરીકે કામ કરતી હતી, ત્યારે તેના સુપરવાઈઝર કેયુર રાકેશભાઈ મકવાણા (રહે. ૧૬૨૩, દેવઆશિષ સોસાયટી, સ્વામિનારાયણ વિદ્યાલય પાસે, મોરાભાગળ, ભેસાણ) સાથે પરિચય થયો હતો.

કેયુરે ધીમે ધીમે મનીષાને પોતાની તરફ આકર્ષિત કરી લગ્નનું વચન આપ્યું હતું, પરંતુ મનીષાએ તેના પહેલા લગ્ન અને છૂટાછેડાની વાત કરીને ના પાડી હતી. ત્યારબાદ કેયુરે મિત્રતાનું કાર્ડ રમ્યું અને પોતે તેની પાસે મહાનગરપાલિકામાં મોટી ઓળખાણ છે અને તેણીને કાયમી નોકરી અપાવી શકે છે. આ માટે તેણે મનીષા પાસેથી સોના-ચાંદીના દાગીના વેચાવીને પણ પૈસા મેળવ્યા અને અંદાજે ૩થી ૪ લાખ રૂપિયા પડાવ્યા.

આ દરમિયાન કેયુરે અનેક વખત શારીરિક સંબંધ બાંધ્યા. જ્યારે મનીષા લગ્નની વાત કરતી તો તે બહાના બનાવતો. પછી તેણે મનીષાને કહ્યું કે તેના પરિવારજનો લગ્નની ના પાડે છે અને તેથી તેઓએ ઝેર પીને આત્મહત્યા કરવી જોઈએ અથવા મનીષાએ તેના બાળકને જન્મ આપવો જોઈએ, જેથી તેઓએ બાળક માટે પ્લાનિંગ કર્યું, પરંતુ કુદરતી રીતે સફળતા ન મળતાં ક્રિનીટી હોસ્પિટલમાં એક વર્ષ સારવાર કરાવી. ત્યારબાદ કેયુરે ઉતાવળમાં IVF (કૃત્રિમ ગર્ભધારણ) કરાવ્યું અને તેના માટે વધુ પૈસા પડાવ્યા. પરંતુ IVF પછી કેયુર અચાનક બદલાઈ ગયો અને મનીષાથી અંતર કરી લીધું હતું. જેથી મનીષાએ કેયુર વિરુદ્ધ અરજી કરી હતી, પરંતુ અરજી કેયુરે પરત ખેંચાવી. ત્યારબાદ તે ઘણો સમય મળવા ન આવતાં મનીષાએ ૧૮૧ હેલ્પલાઈન પર ફોન કર્યો અને તેના કર્મચારીઓ સાથે કેયુરના ઘરે ગઈ ત્યારે તે પરિણીત હોવાનું જાણવા મળતાં ચોક પોલીસે કેયુર મકવાણા વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી હતી.

# અન્નુ ખલનાયક ગેંગના બંટીની ફિલ્મી સ્ટાઈલમાં દાદાગીરી

**માન દરવાજા** ભાખર મહોલ્લાની દાદાગીરી સીસીટીવીમાં કેદ

**માથાભારે** જમરૂખ ભાગી છૂટ્યો; સલાબતપુરા પોલીસની ભૂમિકા સવાલોમાં

સુરતઃ સુરત શહેરમાં ફરી એકવાર ગેંગવોરના પડછાયા દેખાયા છે. માન દરવાજા સ્થિત ભાખર મહોલ્લામાં અન્નુ ખલનાયક ગેંગ સાથે જોડાયેલા માથાભારે બંટી અને તેના સાગરિતોની ફિલ્મી સ્ટાઈલની ટપોરીગીરીનાં CCTV ફૂટેજ સામે આવતાં શહેરના કાયદો-વ્યવસ્થાની હકીકત સામે આવી છે. ઘટનાએ ગેંગ વોરની ભીતિ ઊભી કરી હોવા છતાં પોલીસની નિષ્ક્રિયતા ચર્ચાનો વિષય બની છે.

માન દરવાજા વિસ્તારના ભાખર મહોલ્લામાં તાજેતરમાં બનેલી ઘટનાએ સ્થાનિકોમાં ભય ફેલાવ્યો છે. મળતી માહિતી મુજબ અન્નુ ખલનાયક ગેંગનો સભ્ય ગણાતો બંટી પોતાના સાગરિતો સાથે ફિલ્મી સ્ટાઈલમાં વિસ્તારમાં પ્રવેશ્યો હતો. બેફામ ટપોરીગીરી કરતા આ ગેંગના સભ્યો CCTV કેમેરામાં સ્પષ્ટ કેદ થયા છે.

રસ્તા પર ખુલ્લેઆમ દાદાગીરી, ગાળો-ગપોડા અને ધમકીભર્યા હાવભાવથી સમગ્ર વિસ્તાર થોડા સમય માટે દહેશતમાં મુકાઈ ગયો હતો. દરમિયાન વિરોધી ગેંગ સાથે અથડામણ થવાની પૂરી શક્યતા હતી. કહેવાય છે કે, માથાભારે જમરૂખ પણ આ વિસ્તારમાં હાજર હતો, પરંતુ પરિસ્થિતિ બગડતી જણાતાં તે સમયસર ભાગી છૂટ્યો હતો. જો જમરૂખ ત્યાં અટકી ગયો હોત તો બે ગેંગ વચ્ચે ખુલ્લેઆમ ગેંગવોર સર્જાય તેવી સ્થિતિ હતી. ઘટનાનાં CCTV ફૂટેજ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ લોકોમાં રોષ ફેલાયો છે.

સ્થાનિકોનું કહેવું છે કે, વારંવાર આવી ઘટનાઓ બનતી હોવા છતાં સલાબતપુરા પોલીસ માત્ર "શોભાના ગાંઠિયા" સમાન બની રહી છે. વિસ્તારમાં પેટ્રોલિંગ અને ગુપ્તચર માહિતી હોવા છતાં ગેંગનાં માથાભારે તત્ત્વો ખુલ્લેઆમ ફરી રહ્યાં છે, જે પોલીસની કામગીરી પર મોટો પ્રશ્નચિહ્ન ઊભો કરે છે. શહેરના જાણકારો માને છે કે જો સમયસર કડક કાર્યવાહી નહીં કરવામાં આવે તો સુરતમાં ફરી ગેંગવોરની ચિંગારી ભભૂકી શકે છે. અન્નુ ગેંગનો બંટી અને તેના સાગરિતોની આ બેફામ હરકતો માત્ર કાયદો-વ્યવસ્થાને પડકાર નથી, પરંતુ સામાન્ય નાગરિકોની સુરક્ષા માટે પણ ગંભીર ખતરો છે. હવે જોવાનું એ રહેશે કે વાયરલ CCTV ફૂટેજ બાદ સલાબતપુરા પોલીસ હરકતમાં આવે છે કે પછી આ ઘટના પણ ફાઈલોમાં દબાઈ જશે. સુરત શહેરને ગેંગસ્ટર રાજથી બચાવવા માટે કડક અને તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઊઠી છે.

# પીપલોદમાં ૧.૦૯ લાખના દાગીના ચોરી ઘરઘાટી મહિલા પલાયન

**લગ્ન** પ્રસંગ માટે દાગીના કાઢવા જતાં ચોરીનો ખુલાસો

**ચોરી** વિશે પૂછતા મહિલાએ છેડતીની ફરિયાદ કરવાની ધમકી આપી

સુરતઃ શહેરના પોશ ગણાતા પીપલોદ વિસ્તારમાં ઘરકામ કરતી એક મહિલાએ વિશ્વાસઘાત કરી કબાટમાંથી રૂપિયા ૧.૦૯ લાખની કિંમતના સોના-ચાંદીના ઘરેણાં ચોરી કરી હોવાનો કિસ્સો સામે આવ્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પીપલોદના પ્રતિષ્ઠા એપાર્ટમેન્ટમાં રહેતા અને ડાયપરનો વેપાર કરતા ૬૦ વર્ષીય દિલીપભાઈ અશ્વિનભાઈ ચોકસીના ઘરે છેલ્લા દોઢ વર્ષથી કમલાબેન અરુણભાઈ ગૌસ્વામી (રહે. નવાગામ, ડિંડોલી) ઘરકામ માટે આવતા હતા.

ગત ૩૦ જાન્યુઆરીથી કમલાબેન કામ પર આવ્યા નહોતા. દરમિયાન, આગામી દિવસોમાં પરિવારમાં લગ્ન પ્રસંગ હોવાથી દિલીપભાઈએ ગત સવારે દસ વાગ્યે પત્ની દક્ષાબેનને દાગીના કાઢવા માટે જણાવ્યું હતું.

દક્ષાબેને જ્યારે કબાટમાં તપાસ કરી તો ઘરેણાંનું બોક્સ માંથી ૨૦ ગ્રામનું સોનાનું બ્રેસલેટ (કિંમત રૂપિયા ૭૦,૦૦૦, સોનાના બે દોરીયા કિંમત રૂપિયા ૨૭,૦૦૦) ચાંદીનો કંદોરો અને કડા કિંમત રૂપિયા ૧૨,૦૦૦ મળી કુલ ૧.૦૯ લાખના ઘરેણા ન દેખાતા તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા. તેમણે તપાસ કરવા છતાં ઘરેણાં ન મળતા અંતે ઘરઘાટી કમલાબેન પર શંકા ગઈ હતી.

દિલીપભાઈએ તેમને ફોન કરીને પૂછતા કમલાબેને ઉદ્ધત વર્તન કરી જણાવ્યું હતું કે, મેં કામ છોડી દીધું છે અને જો મારું નામ લેશો તો છેડતીની ફરિયાદ કરીશ. આ મામલે દિલીપભાઈએ કમલાબેન વિરુદ્ધ ઉમરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બી.એન.એસ.ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓના રેકોર્ડમાં સુધારા માટે ૧૦મીએ કેમ્પ

સુરતઃ શહેરના ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓના શૈક્ષણિક રેકોર્ડમાં જરૂરી સુધારા કરવા માટે આગામી ૧૦ ફેબ્રુઆરીના રોજ વિશેષ કેમ્પનું આયોજન કરાયું છે.અઠવાલાઈન્સની એમ.ટી. જરીવાલા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં આ કેમ્પ યોજાશે. ખાસ કરીને કુમાર/ભાઈ, બહેન/કુમારી જેવા શબ્દોમાં ફેરફાર, માત્ર માતાના નામમાં સુધારો, જાતિ તથા જન્મતારીખ સંબંધિત સુધારા જેવા કેસોનું નિવારણ કરાશે.

# નર્મદ યુનિ.માં ઈન્ટર યુનિ. ટ્રાન્સફર માટે પોર્ટલ ઓપન

સુરતઃ નર્મદ યુનિવર્સિટી દ્વારા આ અંગે પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. જેમાં જણાવ્યા અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના બીજા સત્ર દરમિયાન અન્ય સ્ટેટ યુનિવર્સિટી, ડીમ્ડ યુનિવર્સિટી તેમજ પ્રાઈવેટ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ નર્મદ યુનિવર્સિટીમાં ટ્રાન્સફર મેળવી શકશે.

આ માટે ૫ ફેબ્રુઆરીથી પોર્ટલ ઓપન કરવામાં આવ્યું છે. ટ્રાન્સફર માટે અરજી કરતી વખતે વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટ તેમજ વિગતવાર અભ્યાસક્રમ (સિલેબસ) જોડવો ફરજિયાત રહેશે. સાથે જ અગાઉ પ્રાપ્ત થયેલી ક્રેડિટ્સ પણ ટ્રાન્સફર કરવામાં આવશે. જો કે નર્મદ યુનિવર્સિટીના નિયમ મુજબ પ્રવેશ માટે જરૂરી ક્રેડિટ ઓછી હશે તો તે પૂર્ણ કરવી પડશે.

# સોદાના નામે 10.87 કરોડની ઠગાઈ વેપારીને ખોટા સાટાખતથી ફસાવ્યો

**14 કરોડની** જમીન વેચાણની લાલચ આપી રોકડ અને મિલકતો હડપ કરનાર ત્રણ સામે ખટોદરા પોલીસમાં ગુનો

સુરતઃ ઝડપથી મોટો નફો કમાવાની લાલચ કેટલાય લોકોને મુશ્કેલીમાં મૂકે છે, તેનું એક વધુ ઉદાહરણ અડાજણ વિસ્તારમાં સામે આવ્યું છે. જમીન વેચાણના બહાને ખોટા દસ્તાવેજો અને સાટાખત બતાવી ફર્નિચરના વેપારી પાસેથી કરોડો રૂપિયા પડાવી લીધા બાદ જાનથી મારી નાંખવાની ધમકી આપવાનો ચોંકાવનારો કિસ્સો પોલીસ દફ્તરે પહોંચ્યો છે.

ઉધના-મગદલ્લા રોડ પર ઓલીવ સર્કલ પાસે નીલકંઠ હાઉસમાં ફર્નિચરનો વ્યવસાય કરતા વેપારી હિમાલય જયંતકુમાર કળથીયા સાથે જમીન સોદાના બહાને મોટી છેતરપિંડી થવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આરોપીઓએ અડાજણ અને કોસાડ ગામની જમીનનો કુલ રૂ.14 કરોડમાં સોદો કર્યાનો દાવો કરી વિશ્વાસમાં લઈ વેપારી પાસેથી રૂ.10.87 કરોડ જેટલી રકમ અને મિલકતો હડપ કરી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ફરિયાદ મુજબ જિતેન્દ્ર કરસનભાઈ સેંઘાણી, વિશાલ સેંઘાણી અને અશોકભાઈ લવજીભાઈ ગોયાણી એમ ત્રણેય આરોપીએ પરસ્પર મિલીભગતથી હિમાલયભાઈનો સંપર્ક કર્યો હતો. આરોપીઓએ કોસાડ ગામની વિવિધ સરવે નંબરની જમીન પોતાની માલિકીની હોવાનું કહી તે અંગેના ખોટા સાટાખત અને દસ્તાવેજો રજૂ કર્યા હતા. જમીનનો સોદો રૂ.14 કરોડમાં નક્કી કરી સોદા ચિઠ્ઠી અને સમજૂતી કરાર પણ તૈયાર કરાવવામાં આવ્યો હતો. આરોપીઓએ જમીનના મૂળ માલિક સાથેનો સોદો અગાઉથી જ રદ થઈ ગયો હોવા છતાં હિમાલયભાઈને જમીનના વેચાણ દસ્તાવેજ કરી આપવાની ખાતરી આપી હતી. આ વિશ્વાસના આધારે વેપારીએ તબક્કાવાર રીતે રૂ.10.87 કરોડ રોકડ તથા મિલકતો સ્વરૂપે આરોપીઓને ચૂકવી દીધા હતા. બાદમાં જ્યારે દસ્તાવેજ નોંધણી અને જમીન હસ્તાંતરણ બાબતે પૂછપરછ કરવામાં આવી, ત્યારે આરોપીઓ બહાનાં કરવા લાગ્યા હતા. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, બાકી રકમની વાત ઊઠતા જ આરોપીઓએ ગુંડાગીરીનો સહારો લઈ જાનથી મારી નાંખવાની તથા હાથ-પગ તોડી નાંખવાની ધમકીઓ આપી હતી. લાંબા સમય સુધી માનસિક દબાણ સહન કર્યા બાદ અંતે હિમાલયભાઈએ ખટોદરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ખટોદરા પોલીસે ફરિયાદના આધારે ત્રણેય આરોપી સામે છેતરપિંડી, વિશ્વાસઘાત અને ધમકીના ગુનાઓ નોંધી તપાસ શરૂ કરી છે.

# 80 વર્ષીય વૃદ્ધનો 10 વર્ષની બાળકી સાથે દુષ્કર્મનો પ્રયાસ

**ગોડાદરાના** શ્રમજીવી પરિવારની દીકરી હિંમત દાખવી ઘરમાંથી ભાગી, માતા-પિતા બંને કામે ગયાં હતાં

**બાળકીને** એકલી ભાળી ડોશલાએ દુષ્કર્મનો પ્રયાસ કર્યો, સ્થાનિકોમાં ભારે રોષ

સુરતઃ ગોડાદરા આસપાસ વિસ્તારમાં માનવતાના નામે કલંક લગાડતી એક વધુ ઘટના સામે આવી છે. સમાજમાં "આદરણીય" ગણાતી વયના એક વૃદ્ધે પોતાની 10 વર્ષીય માસૂમ બાળકીની નિર્દોષતા પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો. જો બાળકીએ હિંમત ન બતાવી હોત તો પરિણામ અતિ ભયાનક આવી શકતું હતું.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મૂળ ઉત્તરભારતીય પરિવાર ગોડાદરા આસપાસની એક સોસાયટીમાં રહે છે. માતા લોકોના ઘરોમાં વાસણ સાફ કરે છે, જ્યારે પિતા મિસ્ત્રી કામ કરી ભરણપોષણ કરે છે. શુક્રવારે રાતે પિતા નોકરી પર ગયા હતા અને માતા પણ ઘરકામ માટે બહાર હતી, ત્યારે ઘરમાં તેમની 10 વર્ષીય દીકરી એકલી હતી. આ જ સમયે પાડોશમાં રહેતા 80 વર્ષીય વૃદ્ધે પોતાની ઉંમર અને સમાજની શરમ બંને ભૂલીને બાળકીના ઘરમાં ઘૂસીને ખોટું કામ કરવાનો પ્રયાસ કર્યો. દાદાની ઉંમરના માણસ પાસેથી આવી હેવાનિયતની આશંકા પણ ન હોય, પરંતુ આ વૃદ્ધે માસૂમને પોતાની વાસનાનો શિકાર બનાવવાનો પ્રયાસ કર્યો. અચાનક બનેલી આ ઘટનાથી બાળકી પહેલા તો ગભરાઈ ગઈ, પરંતુ સમજદારી દાખવી જોરથી રડતી રડતી ઘરમાંથી ભાગી ગઈ. તેણે સીધી માતા પાસે પહોંચી સમગ્ર આપવીતી કહી.

ઘટનાની જાણ થતાં આસપાસના લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો. સ્થાનિકોની મદદથી માતા પોતાની દીકરીને લઈને લીંબાયત પોલીસ સ્ટેશન પહોંચી હતી. ત્યાં સમગ્ર ઘટના પોલીસ સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

આ લખાય છે ત્યાં સુધી ફરિયાદ નોંધવાની કાર્યવાહી ચાલી રહી હતી. જો કે, આવા ગંભીર અને શરમજનક ગુનામાં વિલંબ વિના કડક કાર્યવાહી કરવાની માગ ઉઠી છે. સ્થાનિકો દ્વારા આરોપી સામે કડકમાં કડક કાર્યવાહી કરી ઉદાહરણરૂપ સજા કરવાની માગ કરવામાં આવી છે, જેથી ફરી કોઈ હેવાન માસૂમ તરફ આંખ ઉઠાવવાની હિંમત ન કરે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### સુરતના બિલ્ડરોનું

જુથે તો તાજેતરમાં ભુવનેશ્વરમાં પણ મોટો પ્રોજેક્ટ મૂક્યો છે. સુરતના રિઅલ એસ્ટેટના બિઝનેસથી સરકારને મોટો ફાયદો થતો હતો. એક સમયે સુરતમાંથી જ સરકાર ચાલતી હતી. સુરતના બિલ્ડરોના ફંડથી જ રાજકારણીઓ ચૂંટણીઓ લડતાં હતાં પરંતુ તે સુરતને હાલના સંજોગોમાં નોંધારૂં મુકી દેવામાં આવ્યું હોવાની લાગણી બિલ્ડરો વ્યક્ત કરી રહ્યા છે. સરકાર દ્વારા આ મામલે ઝડપથી ધ્યાન નહીં અપાય તો આગામી દિવસોમાં અન્ય શહેરોમાં સુરતના બિલ્ડરોના વધુને વધુ પ્રોજેક્ટો જોવા મળશે.

### પતિ પ્રેમિકા...

ચાવીઓ જમા કરાવી લિફ્ટમાં જઈ રહ્યા હતા, તે દરમિયાન પ્રેમી પ્રેમિકા સાથે આવેલા પતિ-પત્નીની એકબીજા ઉપર નજર પડતા જ થોડી ક્ષણો માટે સમય થંભી ગયો હોય તેવા દૃશ્યો સર્જાયા હતા. જે પતિ-પત્ની ઘરે એકબીજાને 'વફાદારીના પાઠ ભણાવતા હતા, તેઓ આજે એકબીજાની સામે 'બેવફાઈના પુરાવા સાથે ઉભા હતા. નસીબની બલિહારી તો જુઓ, સુરત જેવા મહાનગરમાં હજારો હોટલો હોવા છતાં કુદરતે આ બંને પાત્રોને એક જ સ્થળે ભેગા કર્યા હતા. પત્નીનો પરસેવો છૂટી ગયો અને પતિના પણ હોંશ ઉડી ગયા હતા. થોડી સેકન્ડોના મૌન બાદ, અચાનક હોટલની શાંતિ ચીસાચીસમાં ફેરવાઈ ગઈ હતી. પતિએ તાડૂકીને પૂછ્યું, તું અહીં આની સાથે શું કરે છે? તો વળતા જવાબમાં પત્નીએ પણ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું અને પતિની પ્રેમિકા તરફ આંગળી ચીંધીને પૂછ્યું, પહેલા તમે જવાબ આપો, આ કોણ છે? વાત વણસી અને જોતજોતામાં બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ ગઈ હતી. હોટલની લોબી જાણે કોઈ પંચાયતનું મેદાન બની ગઈ હોય તેમ લોકો એકઠા થયા હતા. બાદમાં હોટલના સ્ટાફે મામલો શાંત પાડવાનો પ્રયત્ન કર્યો હતો, પણ ગુસ્સો અને શરમનો રેલો એટલો મોટો હતો કે કોઈનું સાંભળવા કોઈ તૈયાર નહોતું.

આ કિસ્સામાં એકબીજાની ભૂલો કાઢનારા આ પાત્રોએ એ વાત સાબિત કરી દીધી કે જ્યારે તમે બીજાને છેતરો છો, ત્યારે કુદરત તમારી સાથે એવી જ રમત રમે છે, જેની તમે કલ્પના પણ નથી કરી હોતી.

સુરતની હજારો હોટલમાંથી એક જ હોટલ અને એક જ સમય પસંદ થવો, તે કોઈ અકસ્માત નથી પણ કુદરતી ન્યાય છે. આ કિસ્સો તે તમામ લોકો માટે લાલબત્તી સમાન છે, જેઓ પોતાના જીવનસાથીને અંધારામાં રાખીને અનૈતિક સંબંધો કેળવે છે. યાદ રાખજો, દિવાલોને પણ કાન હોય છે અને પાપ ક્યારેય છુપાયેલું રહેતું નથી. અંતે તો સત્ય સામે આવે જ છે, પછી ભલે તે કોઈ હોટલની લોબી હોય કે ઘરનો ઉંબરો. સંબંધોમાં પારદર્શિતા રાખો, કારણ કે જે પ્રેમમાં છેતરપિંડી હોય છે, તેનો અંજામ હંમેશા આવો જ શરમજનક હોય છે.

### અંડર-19 વર્લ્ડકપમાં...

ટીમનો ભાગ હતો. જેને વિશ્વ કપની પ્રથમ મેચમાં જ 5 વિકેટ લઈ તરખાટ મચાવ્યો હતો.

ભારતીય ટીમનો ભાગ રહેલા હેનિલના ઘરે પ્રોજેક્ટર ઉપર પ્રથમ બોલથી જ પરિવાર, સબંધીઓ ગ્રામજનો મેચ જોવા બેસી ગયા હતા. દરેક વિકેટ ઉપર તાળીઓનો ગડગડાટ જોવા મળ્યો હતો. ઈંગ્લેન્ડની છેલ્લી વિકેટ પડતાં જ ફટાકડાની વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. તો હેનિલના માતાપિતા અને ભાઈની આંખોમાં ખુશીઓના આંસુ જોવા મળ્યા હતા.

### SIR: સુરત જિલ્લા...

કોસંબા બેઠકના મહિલા સદસ્ય અને હાલ સુરત જિલ્લા ન્યાય સમિતિના અધ્યક્ષ તરીકે હોદ્દો ધરાવતા અમીશાબેન જગદીશભાઈ પરમારનું નામ પણ મતદાર યાદીમાંથી બહાર ફેંકાઈ ગયું છે.

આ ઘટનાને પગલે આજે અફઝલ પઠાણ અને અમીશા પરમાર મોટી સંખ્યામાં સમર્થકો સાથે માંગરોળ મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા અને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. અસરગ્રસ્તોએ જણાવ્યું હતું કે, થોડા સમય પહેલા જ તેઓએ બીએલઓ સમક્ષ મતદાર યાદીમાં નામ યથાવત રાખવા માટે ફોર્મ ભર્યાં હતાં અને તેની નકલ પણ સાચવી રાખી છે, છતાં પણ તંત્ર દ્વારા આટલી મોટી ભૂલ કરવામાં આવી છે. આ યાદીમાં કોસંબાના કોંગ્રેસ અગ્રણી અને વર્તમાન સરપંચ યાસ્મીન ફેસલ દાઉદજી સહિત અનેક લોકોનાં નામ બાકાત થતાં મામલો વધુ વકર્યો છે. આખરે મોટી સંખ્યામાં લોકોએ એકઠા થઈ માંગરોળના મામલતદારને આવેદનપત્ર પાઠવી ન્યાયની માંગ કરી હતી, જેના પ્રત્યુત્તરમાં મામલતદાર દ્વારા યોગ્ય તપાસ કરી ન્યાય આપવાની ખાતરી આપવામાં આવી છે.

### સુરતથી દિલ્હીની...

અમને અત્યારે જ બીજી ફ્લાઈટની ટિકિટ આપો. એક રોષે ભરાયેલા મુસાફરે તો ત્યાં સુધી કહ્યું કે, આટલી મોટી એરલાઈન્સ હોવા છતાં અને ઈન્ટરનેશનલ એરપોર્ટ પર નવી સેવાઓ શરૂ કર્યાના દાવાઓ વચ્ચે આવી બેદરકારી શરમજનક છે. દિલ્હીથી ખાલી ફ્લાઈટ કેમ નથી બોલાવતા? ઈન્ટરનેશનલ એરપોર્ટ છે તમારું અને એમાંય પાછી નવી ફ્લાઈટ ચાલુ કરી છે! શરમ આવવી જોઈએ શરમ, એર ઈન્ડિયા એક્સપ્રેસ! ઢાંકળી પાણીમાં ડૂબી મરવું જોઈએ.

### ઉધના-મગદલ્લા...

ટ્રાન્ઝેક્શન રેકોર્ડ્સ જપ્ત કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. અધિકારીઓએ જણાવ્યું છે કે, તપાસ પૂર્ણ થયા બાદ દોષિત એકમો સામે દંડ, ટેક્સ રિકવરી અને કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. જરૂર પડે તો ધરપકડની પણ કાર્યવાહી શક્ય છે. આ સમગ્ર કાર્યવાહીથી ઉધના-મગદલ્લા રોડ ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારમાં વેપારીઓમાં ચકચાર મચી છે.

# ખજોદ સાઈટ પર કચરામાં આગ સતત પાંચમા દિવસે પણ ચાલુ

**ભીનો-સૂકો** અને પ્લાસ્ટિક કચરો બન્યો મોટો પડકાર, જમીનની અંદર સુધી ફેલાયેલી આગ બુઝાવવી મુશ્કેલ બની



સુરતઃ સુરત શહેરના ખજોદ સ્થિત ડિસ્પોઝલ સાઈટ પર લાગેલી ભીષણ આગને આજે પાંચ દિવસ વીતી ગયા હોવા છતાં હજુ સુધી સંપૂર્ણ રીતે કાબૂમાં લઈ શકાઈ નથી. વહેલી સવારથી જ શહેરના વિવિધ ફાયર સ્ટેશનોની ટીમો આગ પર કાબૂ મેળવવા સતત કામગીરી કરી રહી છે. શુક્રવાર મોડી સાંજ સુધી પણ આગ યથાવત રહેતા ફાયર વિભાગની મુશ્કેલીઓમાં વધારો થયો છે.

ફાયર વિભાગ દ્વારા છેલ્લા પાંચ દિવસથી અવિરત રીતે આગ ઓલવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આજે પણ સરથાણા અને ખજોદ ફાયર સ્ટેશનોની ટીમો ડિસ્પોઝલ સાઈટ પર આગ બુઝાવવાની કામગીરીમાં સતત વ્યસ્ત રહી હતી. ઉલ્લેખનીય છે કે, ડિસ્પોઝલ સાઈટ પર ભીનો તેમજ સૂકો કચરો મોટી માત્રામાં હોવાથી આગ ઝડપથી ફેલાઈ રહી છે. ખાસ કરીને પ્લાસ્ટિક કચરો સતત સળગતો રહેતા આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવો ફાયર વિભાગ માટે ભારે પડકારરૂપ બન્યો છે. અધિકારીઓના જણાવ્યા મુજબ આગ જમીનની અંદર સુધી ફેલાઈ ગઈ હોવાથી માત્ર પાણી છાંટવાથી પૂરતો ફાયદો થતો નથી. આ કારણે ભારે મશીનરીની મદદથી કચરાને ખોદી-ખોદીને અંદર સુધી પહોંચેલી આગને શાંત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેમ છતાં, આગ વારંવાર ફરી સળગી ઉઠતી હોવાથી કામગીરી લાંબી ખેંચાઈ રહી છે.

પાંચ દિવસથી ચાલતી આગના કારણે આસપાસના વિસ્તારોમાં ધુમાડાનો પ્રભાવ જોવા મળી રહ્યો છે, જેના કારણે સ્થાનિક રહેવાસીઓમાં ચિંતા ફેલાઈ છે. ફાયર વિભાગે આગામી દિવસોમાં પણ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવા સતત કામગીરી ચાલુ રાખવાની તૈયારી દર્શાવી છે.

# ક્રેડિટ કાર્ડનું બિલ ભરવાના બહાને વેપારી સાથે છેતરપિંડી

સુરતઃ કતારગામ રોડ કોટેશ્વર સોસાયટીમાં રહેતા અને મોબાઈલ લે-વેચનો વ્યવસાય કરતા યોગેશભાઈ મગનભાઈ પડસાલાની મુલાકાત થોડા સમય પહેલાં ઋત્વિક શંભુભાઈ કાલિયા (રહે.,અક્ષરદીપ સોસાયટી, સિંગણપુર) સાથે થઈ હતી. ઋત્વિકે પોતાની ઓળખ ક્રેડિટ કાર્ડના બિલ ભરી આપનાર એજન્ટ તરીકે આપી હતી અને લાઈબ્રેરી સર્કલ પાસે 'એસ. આર. કન્સલ્ટન્સી' નામે ઓફિસ ધરાવતો હોવાનું જણાવ્યું હતું. ગત તા.૭/૧૦/૨૦૨૫ના રોજ ઋત્વિકે ફોન કરીને યોગેશભાઈને બિલ ભરવા માટે બોલાવ્યા હતા. યોગેશભાઈએ પોતાનાં ત્રણ ક્રેડિટ કાર્ડના બિલ પેટે કુલ ૧,૦૮,૫૦૦ રોકડા ઋત્વિકને તેની ઓફિસે જઈને આપ્યા હતા. નાણાં લીધા બાદ ઋત્વિકે સિફ્ટપૂર્વક બિલ ભરાઈ ગયા હોવાનો ખોટો સ્ક્રીનશોટ બતાવી યોગેશભાઈને રવાના કરી દીધા હતા. કલાકો વીત્યા છતાં બેંકમાંથી મેસેજ ન આવતાં યોગેશભાઈએ તપાસ કરી તો ખબર પડી કે કોઈ નાણાં જમા થયાં નથી. જ્યારે તેઓ ઓફિસે પહોંચ્યા તો ઋત્વિક ઓફિસ બંધ કરી ગાયબ થઈ ગયો હતો. સતત ઉઘરાણી બાદ ઋત્વિકે ગૂગલ પે મારફતે ૨૫,૦૦૦ પરત કર્યા હતા, પરંતુ બાકીના ૮૩,૫૦૦ પરત ન કરી વાયદાઓ કરી છેતરપિંડી આચરી હતી. અંતે કતારગામ પોલીસે યોગેશભાઈની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### વિવાદો વચ્ચે...

ટી-20 વર્લ્ડકપને અત્યાર સુધીનો સૌથી મોટો વર્લ્ડકપ ગણાવાય છે, પરંતુ તે કદાચ સૌથી વધુ રાજકીય વિવાદોથી ઘેરાયેલો પણ છે, જેમાં મેદાન બહારના ડ્રામાએ રમતની ચમક ફીકી પાડી દીધી છે. સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય ટીમ પર 'હોટ ફેવરિટ'નું લેબલ લાગેલું છે, તેમ છતાં અત્યાર સુધી સંભવિત વિજેતાઓ કે ખેલાડીઓ કરતાં વિવાદોની ચર્ચા વધુ રહી છે.

ટુર્નામેન્ટના ઈતિહાસમાં પ્રથમ વખત રમતગમત સાથે રાજનીતિનું આવું મિશ્રણ જોવા મળ્યું છે. આ વખતે ટીમોની સંખ્યા 16 થી વધારીને 20 કરવામાં આવી છે. બાંગ્લાદેશે સુરક્ષાના કારણોસર ભારતમાં રમવાનો ઈનકાર કરતાં તેને બહાર કરી દેવામાં આવ્યું છે, જ્યારે પાકિસ્તાને તેના સમર્થનમાં ભારત સામેની મેચનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. બંને દેશોએ આ અશાંતિ માટે ભારતને જવાબદાર ગણાવ્યું છે. આના કારણે આઈસીસી અને બ્રોડકાસ્ટર્સને મોટા આર્થિક નુકસાનની ભીતિ છે, જ્યારે પાકિસ્તાન પર કડક પ્રતિબંધો આવી શકે છે.

આવતીકાલે શનિવારે કોલંબોમાં સવારે 11 વાગ્યાથી પાકિસ્તાન અને નેધરલેન્ડ વચ્ચે ટૂર્નામેન્ટની પહેલી મેચ રમાશે, જ્યારે બપોરે 3.00 વાગ્યાથી કોલકાતામાં વેસ્ટઈન્ડિઝ અને સ્કોટલેન્ડ વચ્ચે દિવસની બીજી મેચ શરૂ થશે અને તે પછી સાંજે 7.00 વાગ્યાથી મુંબઈમાં ભારત અને અમેરિકા વચ્ચે દિવસની ત્રીજી મેચ શરૂ થશે. આવતીકાલ સાતમી તારીખથી 19મી સુધી આ રીતે રોજ ત્રણ-ત્રણ મેચ રમાશે તે પછી 20મીએ માત્ર એક જ મેચ છે અને તે પછી સુપર એઈટ સ્પર્ધા શરૂ થશે.

**નવા ચહેરાઓ અને એસોસિયેટ ટીમો**

આ વર્લ્ડ કપમાં અમેરિકા અને નેપાળ જેવી ટીમો પર નજર રહેશે. 9 બોલમાં અડધી સદી ફટકારવાનો વર્લ્ડ રેકોર્ડ ધરાવતો નેપાળના દીપેન્દ્ર સિંહ એરી આકર્ષણનું કેન્દ્ર રહેશે. આ ઉપરાંત, ફૂટબોલ માટે જાણીતું ઇટાલી પણ આ વખતે ક્રિકેટના મેદાનમાં જોવા મળશે, જેનું નેતૃત્વ વેઇન મેડસન કરી રહ્યો છે.

### મુંબઈમાં યોજાનારા...

કલાક પહેલા. પ્રખ્યાત સિતારવાદક ઋષભ રિખીરામ શર્મા પરફોર્મ કરશે. શિવમણિ પણ વાનખેડે સ્ટેડિયમમાં મુખ્ય કલાકાર તરીકે હાજર રહેશે. પ્રખ્યાત રેપર બાદશાહ અને અભિનેત્રી નોરા ફતેહી પણ ઓપનિંગ સેરેમનીમાં પરફોર્મ કરશે. આઇસીસીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં આ જાહેરાત કરી.

### પાકિસ્તાનમાં આત્મઘાતી...

આવ્યો હતો, પરંતુ તેણે પોતાને વિસ્ફોટથી ઉડાવી દીધો હતો. જિલ્લા વહીવટીતંત્રના પ્રવક્તાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં જણાવ્યું કે આ વિસ્ફોટમાં ઓછામાં ઓછા 31 લોકોના મોત થયા છે અને 169 અન્ય લોકો ઘાયલ થયા છે.

જિયો ન્યૂઝે પ્રત્યક્ષદર્શીઓને ટાંકીને અહેવાલ આપ્યો છે કે આતંકવાદીએ પહેલા ગોળીબાર કર્યો અને ત્યારબાદ પોતાને વિસ્ફોટથી ઉડાવી દીધો. ટીવી ફૂટેજમાં કાચના ટુકડા અને કાટમાળ વચ્ચે જમીન પર અનેક મૃતદેહો પડેલા જોવા મળ્યા હતા. પોલીસ અને રેસ્ક્યૂ-1122 ના કર્મચારીઓ બચાવ કામગીરીમાં જોડાયા હતા. સેનાના જવાનો અને રેન્જર્સે વિસ્તારને કોર્ડન કરી લીધો છે અને ઘટનાસ્થળની આસપાસ સુરક્ષા કામગીરી ચાલી રહી છે. ઘાયલોને હોસ્પિટલમાં ખસેડવામાં આવતા રાજધાનીની હોસ્પિટલોમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી. આ હુમલો ઈસ્લામાબાદમાં ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટની ઈમારત બહાર થયેલા આત્મઘાતી હુમલાના ત્રણ મહિના કરતા પણ ઓછા સમયમાં થયો છે, જે હુમલામાં 12 લોકો માર્યા ગયા હતા. સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે પોતાના દાવાના સમર્થનમાં કોઈ પુરાવા આપ્યા વિના, હુમલામાં ભારત અને અફઘાનિસ્તાનની સંડોવણી હોવાનો દાવો કર્યો હતો. ઈરાન, અમેરિકા, યુકે તથા અન્ય અનેક દેશોએ આ હુમલાને વખોડી નાખ્યો છે.

પ્રમુખ આસિફ ઝરદારી, વડાપ્રધાન શહબાઝ શરીફ અને સેનેટમાં વિરોધ પક્ષના નેતા રાજા નાસિરે આ હુમલાની સખત નિંદા કરી હતી. પ્રમુખ ઝરદારીએ કહ્યું કે, નિર્દોષ નાગરિકોને નિશાન બનાવવા એ માનવતા વિરુદ્ધનો અપરાધ છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, વિસ્ફોટના સ્વરૂપની તપાસ કરવામાં આવી રહી છે, પરંતુ પ્રાથમિક દ્રષ્ટિએ આ આત્મઘાતી હુમલો જણાય છે. આંતરિક બાબતોના રાજ્ય મંત્રી તલાલ ચૌધરીએ ઈસ્લામાબાદની PIMS હોસ્પિટલની મુલાકાત લીધી અને ઘાયલોને મળ્યા હતા. સંસદીય બાબતોના મંત્રી તારિક ફઝલ ચૌધરીએ પણ સોશિયલ મીડિયા પર આ કાયરતાપૂર્ણ કૃત્યની નિંદા કરતા શોક વ્યક્ત કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આવા આતંકવાદી કૃત્યો રાષ્ટ્રના મનોબળને નબળું પાડી શકતા નથી અને સમયની માંગ છે કે આપણે સૌ શાંતિ, સહિષ્ણુતા અને સ્થિરતા માટે એક થઈએ. મંત્રી ચૌધરી પોતે ઈસ્લામાબાદના વતની છે અને જે વિસ્તારમાં બ્લાસ્ટ થયો તે જ વિસ્તારના છે.

### મણિપુરના ચુરાચાંદપુરમાં...

નેમતા કિપગેનની હત્યા કરનારને રૂ. 20 લાખ જ્યારે બાકીના બે ધારાસભ્યોની હત્યા કરનારને રૂ. 10-10 લાખના ઇનામ આપવાની અને તેમનો સામાજિક બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે.

કુકી જો કાઉન્સિલ (કેઝેડસી) મુજબ, આ ધારાસભ્યોએ જાન્યુઆરીમાં પસાર થયેલા એ પ્રસ્તાવનું ઉલ્લંઘન કર્યું છે જેમાં નક્કી કરાયું હતું કે જ્યાં સુધી અલગ વહીવટી વ્યવસ્થા માટે કેન્દ્ર કે રાજ્ય સરકાર લેખિત ખાતરી ન આપે ત્યાં સુધી કોઈ ધારાસભ્ય સરકારમાં સામેલ થશે નહીં. જોકે, આ ધારાસભ્યોનું કહેવું છે કે તેમણે સમુદાયના નેતાઓ સાથે વાતચીત કર્યા બાદ જ વિકાસ અને સુરક્ષાના હિતમાં આ નિર્ણય લીધો છે. હાલમાં તણાવને જોતા ત્રણેય ધારાસભ્યોના નિવાસસ્થાને સુરક્ષા વધારી દેવામાં આવી છે અને આસામ રાઈફલ્સ તૈનાત કરવામાં આવી છે. મે 2023થી ચાલી રહેલી વંશીય હિંસા બાદ મણિપુરમાં સ્થિતિ ફરી એકવાર નાજુક બની છે.

### ચાંદીમાં 13,000નું...

2,55,000 પ્રતિ કિલો (તમામ ટેક્સ સહિત) પર આવી ગઈ હતી. એ જ રીતે, 99.9 ટકા શુદ્ધતા ધરાવતું સોનું રૂ. 3,400 અથવા 2.12 ટકા ઘટીને રૂ. 1,57,200 પ્રતિ 10 ગ્રામ (તમામ ટેક્સ સહિત) નોંધાયું હતું, જે અગાઉના દિવસે રૂ. 1,60,600 પર બંધ થયું હતું.

વેપારીઓએ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય બજારમાં દિવસના ઉત્તરાર્ધમાં તેજી જોવા મળી હોવા છતાં, સ્થાનિક બજારમાં ઊંચા સ્તરે નફો વસૂલવાની પ્રક્રિયાને કારણે કિંમતોમાં ઘટાડો થયો હતો. આંતરરાષ્ટ્રીય બજારોમાં કિંમતી ધાતુઓના ભાવમાં શરૂઆતી ઘટાડા બાદ 4 ટકાથી વધુનો તીવ્ર સુધારો જોવા મળ્યો હતો. સ્પોટ સિલ્વર 3.02 ડોલર અથવા 4.26 ટકા વધીને 74 ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી હતી, જે દિવસના નીચલા સ્તર 64.08 ડોલરથી થયેલો સુધારો હતો. આ ઉપરાંત, સોનું પણ 106.74 ડોલર અથવા 2.23 ટકા વધીને 4,887.30 ડોલર પ્રતિ ઔંસ પર પહોંચ્યું હતું. મિરાઈ એસેટ શેરખાનના કોમોડિટી હેડ પ્રવીણ સિંઘે જણાવ્યું હતું કે, સ્પોટ ગોલ્ડ નબળી નોંધ સાથે ખૂલ્યું હતું અને 4,654 ડોલરની નીચી સપાટીએ પહોંચ્યું હતું, પરંતુ ત્યારબાદ તેમાં જોરદાર સુધારો જોવા મળ્યો હતો. તેમણે ઉમેર્યું કે રોજગારીના નબળા આંકડાઓએ કિંમતી ધાતુઓને ટેકો આપ્યો હતો, પરંતુ અમેરિકા-ઈરાન વાટાઘાટોમાં સફળતાની આશાએ વધારા પર અંકુશ રાખ્યો હતો. ઓમાનમાં ચાલી રહેલી ઈરાન-અમેરિકા બેઠક અને અમેરિકી મોનેટરી પોલિસીની દિશાને કારણે બજારમાં ભારે અસ્થિરતા યથાવત છે.

### ડિજિટલ છેતરપિંડીનો...

ચૂકવવામાં આવશે. સેન્ટ્રલ બેંકના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ નાણાં બેંક ગ્રાહકોને 85,000 કરોડ રૂપિયાના 'ડિપોઝિટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફંડ' (DEA Fund) માંથી ચૂકવવામાં આવશે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ગ્રાહક જીવનમાં માત્ર એક જ વાર વળતર મેળવી શકે છે અને તે શરતે કે તેમાં કોઈ બદઈરાદો ન જણાય.

RBI ના ઉચ્ચ અધિકારીઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કુલ ડિજિટલ ફ્રોડના બે-તૃતીયાંશ ફ્રોડ 50,000 રૂપિયાથી ઓછી રકમના હોય છે, જેનાથી છેતરપિંડીનો ભોગ બનેલા મોટાભાગના લોકોને આ સુવિધાનો લાભ મળશે. મલ્હોત્રાએ કહ્યું, જ્યાં સુધી તેમની સાથે છેતરપિંડી થાય છે, પછી ભલે તે તેમની પોતાની ભૂલથી હોય કે અન્ય કોઈ રીતે, કોઈ પણ પ્રશ્ન પૂછ્યા વગર 25,000 રૂપિયા ચૂકવવામાં આવશે. જ્યાં સુધી વ્યવહાર અજાણતા થયો હોય અને ગ્રાહકે પૈસા ગુમાવ્યા હોય, ત્યાં સુધી અમે તેમને વળતર આપીશું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ગ્રાહકોની પોતાની જવાબદારી હોવી પણ મહત્વપૂર્ણ છે, તેથી જો છેતરપિંડી 25,000 રૂપિયાની મર્યાદાની અંદર હોય તો પણ છેતરપિંડીની રકમના 15 ટકા હિસ્સો ખાતાધારકે પોતે ભોગવવો પડશે. મોટી રકમના ફ્રોડના કિસ્સામાં વળતરની મર્યાદા 25,000 રૂપિયા સુધી જ રહેશે. મલ્હોત્રાએ જણાવ્યું હતું કે વળતરના માળખાનો ડ્રાફ્ટ ટૂંક સમયમાં જાહેર પરામર્શ માટે બહાર પાડવામાં આવશે.